સાલ : ૧૪ / સિલસિલાવાર નંબર : ૧૩૪ / શુમારો : ૨ | કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشۡكٰوةُ الۡهَادِيۡ

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. | રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૩૮ / ડીસેમ્બર ૨૦૧૬-જાન્યુઆરી ૨૦૧૭

# અક્લ અને નબી – એક સરખામણી

અલ્લાહતઆલાની ખિલકતમાં નઝર કરવું એક મુકમ્મિલ કિતાબનો મુતાલેઓ અને દિરાસત-Studies છે. બલ્કે અલ્લાહતઆલાની ખિલકત-Creation એ જ એક પૂરી કિતાબ છે. તમામ મખ્લૂકાતના વુજૂદમાં અક્લની પૈદાઈશની દરજો અવ્વલ છે. અક્લથી જ ઈન્સાન તેની ઝાતને સમઝી શકે છે અને તેની ઝાતની માઅરેફતથી તેના રબની પહેચાન થાય છે. અક્લથી ઈન્સાને જાણું કે, તેને એક કૂવતવાલા ખાલિકે પૈદા કીધો છે અને તેની ઝાતનો તે ખુદ ખાલિક-પૈદા કરનાર નથી. આલમે બાલા-રૂહાની આલમમાં અલ્લાહતઆલાએ તમામથી પહેલા અક્લને પૈદા કીધી. આલમે જિસ્માની અને તબીઅતના આ જહાનમાં તેએ ઈન્સાનને અશ્રફુલ મખ્લૂકાત બનાવો. **ઈન્સાનનો આ મુજબ અશ્રફ, આઅલા અને અફઝલ બનવું તે અક્લની નેઅમતના સબબ છે.** કેમકે, હયવાન અને લીલોતરી-શાકભાજીને અલ્લાહતઆલાએ અક્લ નથી આપી, પણ ઈન્સાનને અક્લ આપી. તેની ઝાતમાં સોચનાર કીધો. તેનાથી નીચેની મખ્લૂકાતને બરાબર સમઝો.

અલ્લાહતઆલાએ ઈન્સાનને આ મુજબ અક્લ આપેલી છે, તો તેની અક્લના મેઅયાર અને કદરોંને સમઝનાર એક અલ્લાહના નુમાઈંદાની ઝરૂરત હતી, જે ખલીફા બનીને આ દુનિયામાં આવે અને લોગોની અક્લ મુજબ તેઓ સાથે ગુફતગૂ કરીને હિદાયતના રસ્તા તરફ દાઅવત દે. **તો ઈન્સાનમાં જે અક્લ છે તે પહેલામાં પહેલા રસૂલ છે.** આ રસૂલે ઈન્સાનની અક્લની પરખ કરીને તેની સમઝ મુજબ અલ્લાહની કિતાબમાં આવેલા કલામને સમઝાવીને હિદાયત દેવાની ઝિમ્મેદારી એક કામિલ ઈન્સાનને સોંપી કે જેને એમના પછી આવનાર બીજા રસૂલ કહેવાય છે. અલ્લાહતઆલાએ આ બીજા રસૂલને એમ ફરમાન કીધું કે, તમારી વાત ઈલ્મવાલા જ અક્લથી સમઝી શકશે. તેથી આપ હર મારી કિતાબની આયતો-કલામોંને હિકમતનો લિબાસ પહેરાવીને અને ખુશગવાર તરીકા પર સમઝાવટ કરીને ઈન્સાનને તેની હકીકતથી વાકિફ કરો. સાથે સાથે અલ્લાહની તૌહીદ, અઝમત અને કિબરીયાઈ બયાન કરો, જેથી ઝહીન હોય યા કુંદઝહેન હોય, આલિમ હોય યા જાહિલ હોય, આકિલ હોય યા કમ અક્લ હોય, ઝાલિમ હોય યા મહેરબાન હોય તમામે તમામ તેની અક્લની તેઝીથી આપની ઝબાનીથી મારા કલામને સમઝી શકે.

તેથી અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ઈમાનદારોંને ઊલુલ અલ્બાબ યાઅની અક્લવાલા, ઊલુલ અબ્સાર યાઅની બસીરત વાલા, એમ બે લકબોથી ખિતાબ કીધેલો છે. જો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જેને અલ્લાહતઆલાએ નબી બનાવીને મબ્ઊસ કીધા, આપ ઈલ્મે લદુન્ની યાઅની કે, આગલા પાછલા તમામ ઈલ્મ સાથે અક્લમાં કામિલ ન હોત તો **અલ્લાહતઆલા આપને સૈયેદુલ કૌનૈન, સૈયેદુલ અંબિયા અને સૈયેદુલ ઈન્સે વલ જાનના લકબથી ન નવાઝેત.** અક્લે અવ્વલને જે તરહ અલ્લાહતઆલાએ પૈશકારી, અવ્વલીયત અને નૂરે ઈલ્મથી નવાઝા તે જ મુજબ આપને કાએનાતની સરદારીનો લકબ આપો જેથી આપની સરદારી કેયામતના દિન તક કાઈમ-દાઈમ, જારી-સારી રહે. કુદરતનો કાનૂન છે કે, અલ્લાહતઆલાએ હર જાનદાર-ગૈર જાનદાર ચીઝો પૈદા કીધેલી છે તે તમામના એક સરદાર બનાવા છે. જેમ "સર" યાઅની માથું, ઈન્સાનના જિસ્મની રિયાસત કરે છે અને તેનાથી ઈન્સાન ઓલખાય છે, તે જ મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અલ્લાહતઆલાએ ઈન્સાની જિસ્મના સર મુજબ રૌઝે અઝલથી લઈને અબદ તક મખ્લૂકના સરદાર બનાવા છે. જેની નુબૂવત અને રિસાલતની જહાનની હર ચીઝોએ શાહિદી દીધી છે. આ ચીઝોમાં પત્થર, કંકર, દરખ્ત, ચરિંદ-પરિંદ યહાઁ તક કે, ચાંદ-સૂરજ પણ શામિલ છે.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**ખૈર રિઝક તે છે કે જે બંદાને કિફાયત કરે.**

(પેજ નં. ૧ નું બાકી)

આ શહાદત પર એક આકિલ ઈન્સાન પોતાની અક્લની કૂવતથી ગૌર કરે તો બ-આસાની સમઝી શકશે કે, અગર ઝમીનો આસ્માનની તમામ ચીઝ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સરદાર માને તો એક આકિલ ઈન્સાન પર વાજિબ છે કે, આપની આમદને હર તરહથી એક નેઅમત અને રહેમત જાણીને આપની હસ્તી-શખ્સીયતને વધાવી લે. આપના હર કલામમાં અક્લનો ઝુહૂર છે. આપના હર એક પાકીઝા અખ્લાકમાં ફરિશ્તાઈ સિફતની ઝલક માઅલૂમ પડે છે. આપના હર મુઆમેલામાં મિયાનાર, ઈન્સાફ, અદલો કિસ્ત ભરેલા હતા. યહાઁ તક કે, આપની સિદકો સફાથી, રોઅબો જલાલથી હર કોઈ મુતઅસ્સિર અને મરઊબ હતું. આ તમામ ખૂબીઓને બાવુજૂદ આપ એક અદના ઈન્સાન જેમ આ દુનિયામાં રહ્યા અને શાનાત પર શાનાતનો ઝુહૂર કીધો. **તેથી આપની આમદ અને શખ્સીયત અહલે ઈસ્લામ વાસ્તે મોઅજિઝનુમા સાબિત થઈ.** આપે બચપણાથી જ આપના જદ્દે અમજદ મૌલાના અબ્દુલ મુત્તલિબ (અ.સ.) અને કાકજી તેમજ મુરબ્બી અને પરવરિશકુન મૌલાના અબૂ તાલિબ (અ.સ.) ના સીરતો અખ્લાકના નકશે કદમ પર ચાલા. યહાઁ તક કે, મૌલાના અબ્દુલ મુત્તલિબ (અ.સ.) હરમે કાઅબામાં આપના ફરઝંદોને દરમિયાન નસીહતના દરસ આપતા હતા અને આપ (સ.અ.વ.વ.) એક ફરઝંદે સગીર તે જગા પર જાતા, તો આપને તમામને દરમિયાન બેસાડી દેતા અને આપના ચહેરાને જોઈને મુસ્કુરાતા અને ફખર મહેસૂસ કરતા. કેમ ન કરે! આપ જાણતા હતા કે, જે ફરઝંદ આપની નઝરને સામે બેસેલા છે તે એક આલી મકામ પર ફાઈઝ અને રફઅ થાવાના છે. મક્કા હોય કે મદીના, દુશ્મન હોય કે દોસ્ત, નઝદીકનો હોય કે દૂરનો, હર કોઈ આપની ઈઝઝતો એહતેરામ કરતું અને આપની અક્લો ફેહમની તહેસીન કરતું.

અરબસ્તાનને આસપાસ આપની પૈદાઈશ બાદ ઘણી અરબ અને ગૈર-અરબ નાની મોટી બાદશાહતો હતી, જેઓનાં ઘણાં બાદશાહો સમઝદાર, આકિલ અને આસ્માની કિતાબોના બયાનથી વાકિફ હતા. આપ મક્કાથી હિજરત કરીને મદીના પધારા તો ૮ મી હિજરી સાલમાં ઘણાં વફદ આપની ખિદમતમાં હાઝિર થયા. હર કોઈએ આપની ઈલ્મી ફિરાસત અને અક્લી રૂસુખનો એતેરાફ કીધો હતો અને હોશો જોશથી ઈસ્લામને કુબૂલ કીધું હતું.

અલ્લાહતઆલા જેને અક્લના ઝૈવર અને માઅરેફતના જૌહરથી નવાઝે છે એને હક્ક અને બાતિલને દરમિયાન તમીઝ કરવાની હિદાયત પણ આપે છે. આપ જહાનવાલાઓને દરમિયાન નૂર અને હિદાયતના પૈકર બનીને પધારા, તો જેઓને અલ્લાહતઆલાએ અક્લનું નૂર બખ્શું હતું તેઓ આપના દરજા અને રૂત્બાને પહેચાની શકા અને ઈલાહી મકસદ તેમજ મશીયતે રબ્બાનીની એ મુજબ માઅરેફત કરી શકા કે, જહાનમાં એક હક્કના રસૂલ હોવા જ જોઈએ. જે આસ્માનો ઝમીન, પાછલા અને આગલા ઝમાનની ખબર રાખતા હોય અને લોગોને જન્નતની બશારત અને જહન્નમનો ખૌફ આપતા હોય. આ તમામ શહેરોમાં એવા નુજૂમીઓ અને આસ્માની કિતાબોના આલિમો હતા જેઓ એક રસૂલની બેઅસતનો ઈન્તેઝાર કરતા હતા. અલ્લાહતઆલાએ તેઓને નૈક સમઝ આપી અને તેઓ નિદાએ રિસાલતને લબ્બૈક કહીને કલેમએ શહાદત પઢીને દાએરએ ઈસ્લામમાં દાખિલ થઈ ગયા. આ લોગો અને દિગર અહલે અરબ યા અજમ કે જેઓ ઈલાહી આયતોના નુઝૂલની હકીકતને પારખી શકા તેઓને અલ્લાહતઆલા ઊલુલ અલ્બાબ અને ઊલુલ અબ્સાર ના નામથી કુરઆને કરીમમાં યાદ ફરમાવે છે. આ ઉમ્મતમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના એવા પણ સહાબીઓ હતા કે, જેઓ મક્કા તેમજ મદીનામાં આપની સોહબતમાં રહ્યા, કુરઆનની તિલાવત કીધી, ઈબાદત બજા લાવા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝબાને મુબારકથી તાઅલીમાતે કુરઆનના દરસો પઢા, પણ આપના ઈન્તેકાલ બાદ તેઓએ અક્લ અને સમઝ ગિરો મુકી દીધી અને શયતાની વસવસાને તાબેઅ થયા. **જે દીનને અલ્લાહતઆલા કાઈમ કરે તો તેને બરકરાર રાખવા વાસ્તે કિતાબ અને નબીની આલને જોડી દે.** પણ નબીના ઈન્તેકાલ પુરમલાલ બાદ કિતાબને પકડી રાખે અને આલે રસૂલ (સ.અ.) ને છોડી દે, તો શું તેઓ આકિલ કહેવાય? શું એક આકિલ ઈન્સાન એમ ન સમઝે કે, અલ્લાહતઆલા એના દીનને કેયામતના દિન તક કાઈમો દાઈમ રાખવા વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ તેમના કાઈમ મકામને આ દીને હક્કની ઝિમ્મેદારી ન સોંપે? ઉમ્મતના લોગો પર છોડી દે

(બકીયાહ પેજ નં. ૩ પર)

**ખૈર દૌલત તે છે કે જે બંદાને કેનાઅત બખ્શે.**

(પેજ નં. ૨ નું બાકી)

કે તેઓ ખુદ પોતાના હાદીને પસંદ કરી લે! જો આમ જ હોત તો રસૂલને પણ લોગો કાઈમ કરેત. જેઓ અક્લવાલા હતા તે આ સમઝી ગયા અને જેમ રસૂલ સાથે કુરઆનને જાડેલા હતા તેમ કુરઆનને આલે રસૂલ (સ.અ.) સાથે જોડીદાર બનાવી રાખા. હવે આ જ આલને છોડીને જેઓ કુરઆનની આયતોની મઆની સમઝવાની કોશિશ કરે છે તેઓ ખોટી તફસીર કરી ગુમ્રાહ જ થઈ જાય. દીને ઈસ્લામની તાઅલીમાતને જેહાદનો ગલત મતલબ નિકાલી તેનાથી જોડે છે અને દીને ઈસ્લામ તેમજ મુસલમાનોંને બદનામ કરે છે.

દીનની રચના જ અક્લ પર છે. અક્લના સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે. આ અક્લની નેઅમત આપની આલે અત્હરમાં ઉતરી. દીનની હકીકત અક્લથી જાણી શકાય છે. **જો અક્લને જ છોડી દેવામાં આવે તો એવી ચીઝો હાથ લાગે જે રદ્દી હોય, અધૂરી હોય, નુકસાનદેહ હોય, શકવાલી હોય.** ઈશારો એ તરફ છે કે, અક્લના સાહેબ જ એની જગા પર બીજા સાહેબ જે અક્લવાલા હોય તેને મુકર્રર કરે. નબીના અલાવા લોગોના હાથમાં પોતાના સરપરસ્તને મુકર્રર કરવાની તાકત આવી જાય તો લોગો ઝિયાદહ આકિલ થયા સરપરસ્ત કરતા! અપનો ઐન અકીદો એ છે કે, નબી પોતાના વક્તમાં વસીને મુકર્રર કરે. વસી પોતાના વક્તમાં ઈમામને તૈયાર કરે, મુકર્રર કરે. આખિરકાર ઈમામે વક્ત, ઝુલ્મો જબરના દૌરમાં આપના સતરમાં મખફી થાવા બાદ દોઆતે કિરામના સિલસિલાનો સરંજામ કરે.

અક્લનો સિલસિલો આ મુજબ ચાલે છે. અક્લના સાહેબ દીનના હર નુકતાને ઝમાનાના તકાઝા મુજબ મુમેનીનને સમઝાવે છે અને તે મુજબ અમલ કરવા પર ઝૌર આપે છે. જે જગા પર અક્લના સાહેબનો સિલસિલો નથી, અમલ સાથે મીસાકે અક્લ વાબિસ્તા નથી તે જગા પર દરહમી-બરહમી છે, કત્લે આમ છે, બેવફાઈ છે, દીનના નામ પર ખૂઁરૈઝી, ખાનાખરાબી અને ખૂઁખારી છે. તેઓ દરમિયાન અક્લના સાહેબ ન હોવાથી તમાઅ, હવસખોરી, દૌલતપરસ્તી, જંગસાઝી સિવાય કઈ નથી. આલમમાં આજે દીને હક્ક બદનામ થઈ રહ્યું છે તે આના સબબ જ છે. **આમ લોગોની નઝરમાં ઈસ્લામની લુગામ એવા જાહિલ અને ઝાલિમોંના હાથમાં છે જેનાથી ઈન્સાફ અને અમનની શું ઉમ્મીદ રાખી શકાય?** ઈસ્લામના કલેમહના ઝંડાઓ લઈને નિકલનારને એટલી તો ખબર નથી કે, ઈસ્લામ શું છે અને તેની અસલ કહાઁથી છે! ખુદાતઆલાની પનાહ કે, અપને અપના હાથમાં સાહબે અક્લ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) નું દામને કુદસ પકડેલું છે અને આપના સબબ જ ઈસ્લામની સહી શાનને બીજાના દરમિયાન ઝાહિર કરી શકીએ છીએ. ✫

## ડૉક્ટરની ઝરૂરત ન પડે

શાહે વલાયત, શમ્સે શુજાઅત, કમરે ઝોહાદત મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) મુમેનીનની સેહત વાસ્તે જે કલામ ફરમાવા છે તે એટલા પુર-હિકમત છે કે જો તેના ઉપર બાકાયદા અમલ કરવામાં આવે તો મિઝાજો તબીઅતના મીઝનમાં ઊચ-નીચ પૈદા થાવું ઘણી હદ તક કમ થઈ જાય છે. મૌલા અલીએ ફરમાવેલી નાની-મોટી ચીઝોને જો મુમેનીન અપનાવી લે તો પછી વારે-ઘડીએ તબીબ-ડૉક્ટરનું મૂઁહ જોવાની નૌબત ના આવે!

આપ મૌલાએ ફરમાવું કે,

**૧) તમેં જમન જમવા ન બેસો મગર કે તમેં ભૂખા હોવ.**

✵ જેને કઈ ને કઈ જમવાની આદત છે, જીભનું મશીન ચાલતું ને ચાલતું જ રહે છે, તેની સેહતને ખતરો છે. ભૂખ હોય યા ન હોય, જાનવર જેમ ગૈર-વક્ત પર જમા કરવું, તે બદ-મિઝાજી પૈદા કરે છે.

**૨) જહાઁ તક તમારી જમવાની ખ્વાહિશ હોય વહાઁ તક જમો, થોડું-થોડું જમો મગર અધૂરૂં જમન છોડીને ઉઠી ન જાવ.**


✵ જમનાર પર વાજિબ છે કે, જે વક્ત એ જમે તો જમન પર બરાબર નઝર કરે, દિલને હાઝિર રાખે, જાણે કે એ શું જમી રહ્યો છે. જમવા સાથે બીજું કોઈ કામ ન કરે. જહાઁ તક તબીઅત ઈજાઝત આપે વહાઁ તક જમે, ઝબરદસ્તીથી જમે નહીં. કચવાયેલા માહૌલમાં જમવું હાઝમામાં બિગાડ પૈદા કરે છે.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**ખૈર ઈબાદત તે છે કે જે બંદાને ગુનાહોંથી આઝાદ કરે.**

## લફઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**




૧) જેમ એક હફતામાં સાત અય્યામ હોય છે, તેમ શરીઅતે મોહંમદીયહના ______ થાંભલાઓ છે. (૨)

૨) સબરનું ફલ મીઠું હોય છે. ફલને અરબીમાં શું કહે છે? (૩)

૩) તાઝા ખજૂર. (૩)

૭) મૌ. ઈસા રૂહુલ્લાહના થાલમાં ઘી, પનીર, મધ, સરકો અને ______ હતો. (૨)

**❋ આડી તરકીબ :**


૨) મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) ______ ના દૌરના પહેલા નબીએ નાતિક છે. (૩)

૪) અહલુલ બૈત (અ.સ.), મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત બાદ ______ ના કેદખાનામાં ૯ મહીના તક રહ્યા. (૨)

૫) મુકર્રર, નક્કી. (૨)

૬) બે ફરિશ્તા હર બંદાના આઅમાલ પર નિગાહ રાખનાર છે. એક ______ છે અને બીજા અતીદ છે. (૩)

**❋ ગયા શુમારાનો ખુલાસો :**




✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

લોગોએ મરદને નિંદ માંથી ઉઠાવો અને પૂછવા લાગા કે, આ તારી બૈરોને શું થઈ ગયું છે? મરદ કઈ જવાબ દે તે પહેલા તો બૈરોએ પૂરૂં ઘર સરે લઈ લીધું. કહેવા લાગી કે, અફસોસ છે એવા મરદ વાસ્તે કે મારા જેવી ગરીબ ઔરતને આ મુજબ ધોકો દે છે. આટલા વરસોથી આ ઘરમાં મારી કોઈ ઈઝઝત નથી. મારી હર ઉમ્મીદને કચડી નાંખવામાં આવી છે. **આ મારો શૌહર રાતભર ભટકતો ફિરે છે.** ઝિનાની તલાશમાં બીજા બૈરોની સંગતમાં બીજાના ઘરની છતના નીચે રાત ગુઝારે છે અને મેં તન્હા આ ઘરમાં પરૈશાન રહું છું. આની શાહિદી એ છે કે, હું મારા ઘરમાં છું અને આ મારો મરદ ઘરના બાહર છે. તમામ લોગોમાં ચર્ચા થાવા લાગી અને બૈરોએ લગાવેલા ઈલ્ઝામના સબબ મરદને પકડીને ત્યાંના કાઝી-હાકિમ પાસે લઈ ગયા.

બૈરોએ મકરબાઝી કરીને તેની સહેલીઓને જૂઠી શાહેદી આપવા પર તૈયાર કીધી. કાઝીએ બૈરોને બોલાવી અને તેની બયાની સાંભલી. બૈરો અને તેની સહેલીઓએ મિલીને મરદ પર બેવજેહ તોહમત લગાવી અને કાઝીને હુકમ કરવા પર મજબૂર કીધો. કાઝીએ હુકમ કીધો કે, આ મરદ મુજરિમ છે તો તેને નેટરથી સાપકા મારવામાં આવે અને આ બૈરોને તેનાથી મહેર અપાવવામાં આવે અને તલાક અપાવવામાં આવે. કાઝીના ખાદિમોંએ મરદને ખૂબ માર મારો અને આખિરકાર તે બૈરો તલાક આપીને છૂટી થઈ ગઈ.

જેમ એક સવારીના બે પૈડાં હોય છે અને એક સિક્કાના બે રૂખ હોય છે, તેમ આ ઝિંદગીની સવારી અને સિક્કાના મરદ-બૈરો બેવે જુદા-જુદા કિરદાર છે, પહેચાન છે અને કોઈ એક, બીજાને અલગ કરી શક્તું નથી. ઝિંદગીની આ સવારીમાં **સુખ-દુઃખ, ખુશી-ગમી, ધૂપ-છાઁવ, મિઠાશ-કડવાશ, ઉતાર-ચઢાવ, ઉસ્રત-યુસ્રત, તવંગરી-ફકીરી, બહેબૂદી-મુફલેસી, તરક્કી-પસ્તી, રઝામંદી-નારાઝગી, કામિયાબી-નાકામી, શહેર-સફર, આફત-રાહત**નો બોઝ ઉઠાવવા વાસ્તે તેના બે પૈડાં મુજબ મરદ-બૈરોને સાથે જ રહેવું પડશે. એક કમ્ઝોર પડે તો બીજાને તાકતવર થાવું જ પડશે. એકબીજાના ઐબ, ખામી અને મિઝાજને પહેચાનીને, નિભાવીને, સંભાલીને ચાલવું જ પડશે. તો જ આ સવારી મંઝિલે આખિર તક પહોંચવામાં કામિયાબ થાશે. ✯

**ખૈર તઅલ્લુક તે છે કે જેનાથી રિશ્તેદારીનો હક્ક અદા થાય.**

# મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) અને આગ

રિવાયતમાં છે કે, તીસરા નાતિક, કાઅબતુલ્લાહના બાની, મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) જે વક્ત આગમાં ગિરફતાર થયા તે વક્ત આપ શું જોઈ છે કે, તે આગની જગામાં પાનીનો એક ચશ્મો, ગુલાબના ફૂલોંની કિયારી અને નરગિસના ફૂલોંના દરખ્તોં મૌજૂદ છે. આ જ હાલતમાં આપ નવ અય્યામ તક તે જ જગામાં બાકી રહ્યા. વાહ! શું ખુદાની નવાઝિશ છે? આપ ફરમાવે છે કે, "મારા તે નવ અય્યામ નેઅમતોંમાં અને તાઝગીમાં એવા ગુઝરા કે, મારી પૂરી ઝિંદગીમાં એવી ખુશી-ખૂબીથી કોઈ અય્યામ ગુઝરા નહીં હોય." ખુદાતઆલાએ આપની હિફાઝત વાસ્તે તે જગા પર સાયો કરનાર ફરિશ્તાને મોકલા. તે ફરિશ્તા આપને અનસત અને સુકૂને દિલી બખશતા હતા. ફરમાને ખુદાવંદીથી મૌ. જિબ્રઈલ આપની ખિદમતમાં જન્નતના રેશ્મી લિબાસો માંથી એક આઅલા સફેદ કમીસ લઈને આવા અને આપને કહેવા લાગા કે, અય ખલીલે ખુદા ઈબ્રાહીમ! આપના રબ આપને ફરમાવે છે કે, "**તમેં કામિયાબ થઈ ગયા. તમારો મારા ઉપર તવક્કુલ કામ આવો**, આગનો નહીં પણ તમારા દિલમાં મારો ખૌફ હતો. જિસ્મ આગમાં જલી જાય તેની તમને ફિકર ન હતી મગર મારી નારાઝગીની આગની જલન તમારા વાસ્તે ઝિયાદહ શદીદ હતી. મારી રઝામંદીથી આજે તમેં મારા મોહિબ્બે સાદિક બના. જેની આ તરહ સીરત હોય તેની સૂરતને આગ કઈ તરહ જલાવી શકે?" આ કલામ કહીને મો. જિબ્રઈલે આપને જન્નતી કમીસ પહેરાવું.

રિવાયતમાં આ સિલસિલામાં ઔર મઝીદ બયાન છે કે, લઈન નિમરૂદ જે આપના ખૂનનો પ્યાસો હતો, તે આપને આગમાં નાખા બાદ આપની તરફ પોતાની ઊંચી હવેલી માંથી જોઈ રહ્યો હતો કે, આપનો આગમાં શું હાલ થયો છે? તેનું ગુમાન એમ હતું કે, આપ આગમાં જલીને ખાક થઈ ગયા હશે! પણ નિમરૂદ લઈને જે વક્ત નઝર કીધી તો શું જોઈ છે કે, **આપ એક લીલાછમ કિયારામાં બેસેલા છે.** બિલકુલ મસરૂરો ફરહતમંદ છે. આપના બાઝૂમાં એક નૂરાની શિક્લ છે જે આપના ચોતરફ ફિરી રહી છે. આના બરખિલાફ આપના થોડા જ ફાસલા પર આગની ઝાલ અને પુરતપિશ શોઅલા નિકલી રહ્યા છે.

તે વક્ત નિમરૂદ શશોપંજમાં પડી ગયો, ગભરાહટ અને હયરાનીમાં પસીનો પસીનો થઈ ગયો અને કહેવા લાગો કે, "અય ઈબ્રાહીમ! આ હું તમારા શું હાલ જોઉં છું? આગમાં પણ તમેં સલામત છો. તમારા ઈલાહે અઝીમની કુદરત આજે હું જાઈ રહ્યો છું. આગે તમને કોઈ તકલીફ ન આપી, શું તમારા ખુદાએ તમારા અને આગના દરમિયાન આડ કરી છે? તમારી આઁખોંમાં તમારા રબને વાસ્તે જે ઈઝઝત છે શું તેનો આ કરિશ્મો છે?" આપે જવાબમાં કહ્યું કે, "મારા રબ વાસ્તે તો આ ઘણું આસાન કામ છે. **મારા રબની કુદરત સામે આગની શું કુદરત કે મને જલાવે!**" નિમરૂદ બોલો કે, તમને ખૌફ નથી કે તમેં ઉઠશો અને તે શૌઅલાઝન આગ માંથી બાહર નિકલવાની કોશિશ કરશો તો તમેં જલી જાશો? આપ મૌ. ઈબ્રાહીમ બોલા કે, "અય નિમરૂદ! શું હું આગથી ખૌફનાક થાઉં! મને તો મારા ખુદાની નારાઝગીનો ખૌફ છે."

નિમરૂદ બોલો કે, "જો આમ જ હોય તો મારી નઝર સામે તમેં ઉઠો અને આ આગથી બાહર નિકલો." આપ ઉઠા અને નિહાયત ખુશી સાથે ચાલતા ચાલતા આગ માંથી બાહર નિકલી ગયા. આપને કોઈ જ તરહની મઝર્રત ન થઈ. નિમરૂદ મોતઅજ્જિબ થઈ ગયો અને કહેવા લાગો કે, ખૈર! આ તો મારી નઝરનો ભરમ લાગે છે. અય ઈબ્રાહીમ! તમારા આઝૂ-બાઝૂ હું એક નૂરને જોઉં છું, તે શું છે? આપે કહ્યું કે, મારી સલામતી વાસ્તે મારા ખુદાએ મારા વાસ્તે એક ખાસ સાયો કરનાર ફરિશ્તાને મોકલા છે. તે હમેશા મારા સાથે રહે છે. તે મને અનસત અને સુકૂન બખ્શે છે. નિમરૂદે જે વક્ત આ કુદરતે ઈલાહીયહનો નઝારો જોયો તો આપને કહેવા લાગો કે, "**હું શું કરૂં! હું જાણું છું કે, તમેં સાચા છો. તમારો ખુદા તમામ કરતા આઅલા છે. ખુદાઈનો મારો દાઅવો જૂઠો છે. પણ હું શું કરૂં! મારી મમ્લેકતના સબબ હું મજબૂર છું.**"

(બકીયાહ પેજ નં. ૯ પર)

**ખૈર કલામ તે છે કે જેથી આખેરતની યાદ તાઝા થાય.**

# સફરે મયમૂન-સરઝમીને દોઆતે બલાગ (રિ.અ.) - ઈરાન

**૨૫-૩૦ મોહર્રમ ૧૪૩૮ હિ.**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "**અસ્સફરો કિતઅતુમ મિન સ્સકર**", યાઅની, સફર કરવું જહન્નમની આગના એક ટુકડા માંથી છે. જહન્નમીઓને જેમ મહેનત-મશક્કત પડે છે, બલાઓ આફતમાં ફસાય છે, તેમ સફરની કેફીયત છે. ઘરને છોડવા બાદ સફર દરમિયાન કયા વક્ત પર કઈ જગામાં શું તકલીફ આવી જાય તેની ખબર પડે નહીં. તબીઅત અને સેહતમાં ગિરાની ક્યારે આવે તે માઅલૂમ થાય નહીં. નબી સાહેબ આપના બીજા એક કલામમાં ફરમાવે છે કે, "**અલ-ઈલ્મો વિરાસતુન કરીમતુન**", યાઅની, ઈલ્મ એક આઅલા અને કરામતવાલી વિરાસત છે. જે આ ઈલ્મનો વારિસ બને તે કોઈ વાર તન્હા થાતો નથી, ગમગીની અને લોગોની મકરબાઝીથી આઝાદ રહે છે.

જો આ બેવે હદીસને એક સાથે જોડી દેવામાં આવે તો ઈલ્મ, સફરની મહેનત અને સખ્તીને દૂર કરી શકે છે. ઈલ્મ વાસ્તેની સફર મોટી જેહાદ છે. કોઈ સફરને ઈખ્તિયાર કરે, ગૈર-જગા પર ગૈર-લોગોમાં તમામ ચીઝને બરદાશ્ત કરે અને તેનો ઐન-અહમ મકસદ ઈલ્મને હાસિલ કરવાનો હોય તો જહાઁ તક તે સફર પર રહે છે, વહાઁ તક તે ખુદા અને ખુદાના રસૂલની રહેમતના સાયામાં રહે છે. તેને આ મકસદના એવઝમાં આઅલા અજર અને ફલ મિલે છે. આ કલામને મદ્દે નઝર રાખીને એક જુમ્લો ખયાલમાં એમ આવે છે કે, "**અસ્સમરો મત્લૂબુન મિન સ્સફર**", યાઅની, આ મુજબ સફર કરનારની ઉમ્મીદ એ જ હોય છે કે, ખુદા તેને કોઈ ઉમ્દા ફલ આપે અને સફર કરવાના સબબ કોઈ ખૈર બદલો આપે.

૪૪ માં દાઈએ મુત્લક મુકદ્દસ મૌલા સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ના વક્તમાં આપની રઝાથી મોહર્રમુલ હરામ ૧૪૩૨ માં હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) જે તે વક્ત માઝૂને મુત્લકના મન્સબ પર ફાઈઝ હતા, તે વક્ત આપ અને મુકાસિરૂદ્દાઅવત (દા.મ.) ઈરાન પધારા હતા. કુમ શહેરની ઈલ્મી ફિઝાનો ખુદ મુશાહેદો કીધો હતો. ત્યાંના ઈદારાના રઈસો અને મુદીરો સાથે મુલાકાત કીધી હતી. અપની અલવી બોહરા જમાઅતની નુમાઈંદગી ખૂબ આઅલા તૌરથી અંજામ આપી છે. અપની સાદગી અને ઈલ્મીયત હર જગા પર ઝાહિર થઈ હતી. **આ સૈયેદના અલી શહીદે આઅઝમ (આ.કુ.) ની દાઅવતની હક્કાનીયતનો એક અઝીમ મોઅજિઝો છે.** આ સફરના સબબ જ આકા મૌલાએ આપના ફરઝંદે અરજુમંદ શેહઝાદા સઈદુલ ખૈર ભાઈસાહેબની ફારસી-અરબીની તાઅલીમ વાસ્તે અલ-મુસ્તફા ઈન્ટરનેશનલ યુનિવર્સીટીમાં દાખલો કરાવો. ચંદ મહીના બાદ એમનું ગ્રેજ્યુએશન તમામ થાશે. આજે આલમ એ છે કે, શેહઝાદા સાહેબે એ મુજબ તાઅલીમને પાયએ તકમીલ પર પહોંચાવી છે કે, આપ ઈરાનીઓ કરતા બહેર તૌરથી ફારસી અને અરબીમાં મુકાલેમો-ગુફતગૂ કરી શકે છે. મુકદ્દસ મૌલા અને આકા મોલાનો આ ખ્વાબ હકીકત બનીને ઝાહિર થયો છે.

ઈરાની હુકૂમતના ઈદારા ઈન્ટરનેશનલ રિલેશન ફોર એજ્યુકેશન એન્ડ કલ્ચરલ એફેરસ તરફથી આખિર બે સાલથી સાહેબે દાઅવતને ઈરાન પધારવાનું ઈઝન પૈશ થાતું હતું. મગર મુકદ્દસ મૌલાની તબીઅતની નાદુરુસ્તગીના સબબ સફરની કાર્રવાઈ શુરૂ થઈ શકી ન હતી અને હાલાત એવા મુહય્યા ન થયા હતા કે તે વજેહમાં કોઈ કદમ લઈ શકાય. ચંદ મહીના પહેલા આકા મૌલા જે વક્ત નવી દિલ્લી પધારા તો તે ઈદારા તરફથી દોબારા અરઝ કરવામાં આવી અને આપ મૌલાએ તે કુબૂલ કરીને સફરે ઈરાન વાસ્તેની તૈયારી શુરૂ કરવાની ઈજાઝત આપી.

૧૧ માં ઈમામે હક્ક મૌ. અબ્દુલ્લાહિલ મહેદી (અ.સ.) - ૩૨૦ હિ. થી ૨૦ માં ઈમામે હક્ક મૌ. મન્સૂરિલ આમિર (અ.સ.) - ૫૨૦ હિ. તક, આ બે સદી દૌરાન મિસિરમાં અઈમ્મતે ફાતેમીયીન માઅસૂમીનની ખિદમતમાં અઝીમુશ્શાન અને કબીરૂલ મરતબા દોઆતે બલાગ ઈરાન-ફારિસથી હિજરત કરીને શીઆ-ઈસ્માઈલી મઝહબ કુબૂલ કરીને અરબી ઝબાનમાં પુખ્તા થઈને, મુમેનીન મુખ્લેસીનની તરબીયતો તાઅલીમ કરવામાં પોતાની પૂરી ઝિંદગીને વકફ કરી દીધી છે. આ દોઆતે બલાગ (રિ.અ.) માં સૈ. અબૂ હાતિમ અર-રાઝી, સૈ. અબૂ યાઅકૂબ અસ-સિજિસ્તાની, સૈ. અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની, સૈ. અહમદ બિન ઈબ્રાહીમ અન-નિસાબૂરી, સૈ. હેબતુલ્લાહ અલ-મુઅય્યદે ફિદ્દીન અશ-શીરાઝી શામિલ છે. (બકીયાહ પેજ નં. ૭૫૨)

**ખૈર બૈરો તે છે કે જે પોતાના શૌહરને વફાદાર હોય.**

(પેજ નં. ૬ નું બાકી)

અલ્લાહતઆલાએ આ ઝમીનમાં ઈલ્મો હિકમતના જૌહર મુકેલા છે. આ ઝમીન અહલુલ બૈત (અ.સ.) ના ખિદમતગુઝારોં અને મોહિબ્બોંની ખાણ છે. આ ઝમીનની તાસીરના સબબ અક્લ, ઝહાનત અને ફહેમો તમીઝ એક કમાલ દરજા પર પહોંચે છે. લેહાઝા, ઈમામી તાઈદો ફરમાનના સબબ **આ દોઆતોએ અપના ઈસ્માઈલી મઝહબ વાસ્તે એવા બેમિસાલ, નાદિર, બલંદ પાયા કિતાબોં લખેલા છે, જેના પર આજ તક તહેકીક-રિસર્ચ જારી છે.** તેના બયાનોંની બાતિની માઅના સમઝવા વાસ્તે આલિમો, મુબલ્લિગોં અને મુફસ્સિરોંની અક્લ હૈરાન છે. આજે અપને અપના દોઆતોંની આ મિસિલ બેઈન્તેહા ખિદમતે ઈલ્મીયહ વલ ઈબાદતે અમલીયહ પર નાઝ છે.

આજે અપને દોઆતોંની સરઝમીન ઈરાનની બરકાતનો સમરો શેહઝાદા સઈદુલ ખૈર ભાઈસાહેબની તાઅલીમો તહેઝીબના લેહાઝથી મિલી રહ્યો છે. આકા મૌલા સૈયેદના સાહેબ ૪૫ માં સિરાજુમ્મુનીર (ત.ઉ.શ.), મુકાસિરે મુત્લક (દા.મ.) અને રાસુલ હુદૂદ (ઝા.ઈ.) એમ ત્રણ સાહેબોએ મોહર્રમુલ હરામના આખિરી હફતામાં મુલ્કે ઈરાનનો સફર ઈખ્તેયાર કીધો. પહેલા ચાર દિન કુમમાં તશરીફ રાખી પછી આખિરી ત્રણ દિન તહેરાનમાં પધારા. પૂરો પ્રોગ્રામ પહેલે દિનથી વક્તસર તરતીબશુદા અને મુકર્રર હતો. જામેઅતુલ મઝાહિબે વલ અદયાનના ઈદારાના માતહત મુખ્તલિફ ઈન્સ્ટીટયુશન, સ્કોલર્સ, ઓલમા, રિસર્ચર્સ, લાઈબ્રેરીઝ સાથે મુલાકાત આ એક હફતાના દૌરાન થઈ હતી.

મકસદ એ હતો કે, શીઆ ઈસ્માઈલી શાખમાં અપની અલવી બોહરા જમાઅત પણ છે જેનો નિઝામ કામિલ અને મુશય્યદ છે. જેની બુનિયાદ તરીકએ અહલે બૈત (અ.સ.) પર છે અને બીજી શીઆ કૌમો કરતા તેની પહેચાન અલાહેદા અને મુમ્તાઝ છે. **જેના દોઆતનો સિલસિલો કાઈમ-દાઈમ છે, જેની નસ્સ અને નૂર મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) અને અલીયુલ મુરતઝા (અ.સ.) થી મિલે છે.** જેના રૂહાની દરજાત હોવાના સબબ મુમેનીનમાં હિદાયત અને ઈલ્મના ફૈઝનો સરંજામ છે. જે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના સતરમાં માને છે અને આપના નાઈબ મનાબ દાઈએ મુત્લકમાં અકીદો રાખે છે. જેના મુમેનીન શરીઅતે ઈસ્લામ પર ઝિંદગી ગુઝારે છે અને કેયામતના દિન, પંજતન પાક (અ.સ.) ની નજાત અને શફાઅતમાં યકીન રાખે છે.

જમાઅતની આ પહેચાન હર મજલિસો નિશિસ્તમાં ઉભરી આવી. સાહેબાને મજલિસે એતેરાફ કીધો કે, "આપ ઈલ્મો તહેઝીબમાં એવો મકામ રાખો છો, જે બીજી બોહરા કૌમને નથી હાસિલ થયો. આપ જે મુજબ દિલના ખુલૂસથી અને ગુફતગૂના તમામ બાબ ખોલીને વાત કરો છો તે શાયદ જ કોઈ કરી શકે. હમને ખૂબ ફરહત થાશે કે, ઈલ્મી અને અદબી લેહાઝથી હમેં આપનો પૂરો તઆવુન કરીએ અને તે વાસ્તે આપ હમારી રાહનુમાઈ ફરમાવો. ઈરાનમાં બોહરા પર ખૂબ કમ કામ થયું છે. લેહાઝા, હમારી ઉમ્મીદ છે કે, આપની કોશિશથી યહાઁના સ્કોલર્સમાં આપની જમાઅત વાસ્તે દિલચસ્પી વધે, રિસર્ચ થાય અને કિતાબની શિક્લમાં શીઆ આલિમોં આપની મુન્ફરદ જમાઅતને પહેચાને. **આપનું કલ્ચર, આપનો લિબાસ અને આપની ઝબાન ખૂબ દિલકશ છે.** જો આપનો તઆવુન હશે તો હમારી પૂરી કોશિશ આઈંદા સાલોંમાં રહેશે કે, અહલે શીઆને દરમિયાન આપના ઈલ્મો અદબ, સકાફતો તહેઝીબને કઈ તરહ મન્ઝરે આમ પર મુકી શકાય."

આકા મૌલાએ એ વાત પર રોશની નાખી કે, "ઈરાનના મોટા-મોટા કુતુબખાનામાં, પ્રાઈવેટ કલેક્શનોંમાં, રિસર્ચના ઈદારાઓમાં સાલોંથી અમારા ઈસ્માઈલી મઝહબના કિતાબો પડેલા છે. કોઈએ તેને આજ તક અડકા પણ નથી. પહેલેથી ઝહેનમાં ગલતફહેમી નાખવામાં આવી છે કે, ઈસ્માઈલી લોગો શરીઅતનું પાલન કરતા નથી અને આઅમાલે શરીઅતની પાબંદી કરતા નથી. પણ તે લોગોને એ ખબર જ નથી કે, બોહરા કૌમ ભલે ઈસ્માઈલી શાખ-બ્રાન્ચ માંથી નિકલેલી છે, પણ **તેઓ મુસ્તાઅલવી-તૈયેબી છે જેના હર અમલ કુરઆને કરીમ, અહાદીસે નબવીયહ અને સીરતે અઈમ્મત પર મબ્ની છે.** આ ગલતફહેમીને દૂર કરવી લાઝિમ છે, સ્ટૂડન્ટસને ઈસ્માઈલી-તૈયેબી મઝહબ પર કામ કરવા વાસ્તે આમદા કરવું ઝરૂરી છે, ખુલ્લા દિલથી બગૈર કોઈ જાનિબદારી અને કીનો ગુફતગૂ થાવી વાજિબ છે, તો જ આ કોશિશના ખૈર નતીજા હાસિલ થઈ શકશે."

(બકીયાહ પેજ નં. ૮ પર)

**ખૈર વક્ત તે છે કે જેમાં ખુદાતઆલાની તસ્બીહ થાય.**

(પેજ નં. ૭ નું બાકી)

આપ મૌલાએ ઈરાનના માઝી સદર ડૉ. મહેમૂદ અહમદી નિઝાદ સાથે મુલાકાત કીધી, જેના ઝૈર ઈરાને ૮ સાલમાં ખૂબ તરક્કી કીધી છે. મૌલાએ વડોદરા આવવાનું ઈઝન પૈશ કીધું જેના જવાબમાં સદરે કીધું કે, ચંદ અરસામાં જ આપના મરકઝ અને લાઈબ્રેરીનો મુશાહેદો કરવા આવીશ. મૌલાએ ખુશ-કલામીથી તમામ ચીઝ સમઝાવી, સઈદુલ ખૈર ભાઈની ફારસીમાં તરજુમાની સાંભલીને તે તઅજ્જુબમાં પડી ગયા. કહેવા લાગા કે, આ દીકરાએ એક અજનબી ઝબાનને શીખવા પાછલ પાઁચ સાલમાં જે મુજબ મશક્કત કીધી છે તે જોઈને એમ કહી શકાય કે, **તેનું મુસ્તકબિલ ખૂબ રોશન છે અને તેનો ઈકબાલ ખૂબ બલંદ છે.** દાઅવતે શરીફહની નહેજ મુજબ આપ મૌલાએ હદીયાત-નવાઝેશાત અરઝ કીધા. હદીયાતને કુબૂલ કીધા બાદ અવ્વલન તો સદર શશોપંજમાં હતા કે, મહેમાનને ખાલી હાથ કેમ મોકલાય. લેહાઝા, અદબના લેહાઝથી ફૌરન પોતાના મખ્સૂસ ખઝાનામાં ખાદિમોં મોકલીને કુરઆને કરીમ નિકાલાવા અને આકા મૌલાને હદીયાના તૌર પર પૈશ કીધા.

ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદના સબબ, આકા મૌલાની બેઈન્તેહા કોશિશો તદબીરાતના સબબ, ખુદાતઆલાએ ઈરાનની આ સફરે મયમૂન પર કામિયાબીની મોહર લગાવી. હરએક સ્કોલર અને ઈદારા તરફથી જે મુજબ તઅસ્સુરાત હાસિલ થઈ રહ્યા છે, તે હકીકતન કાબિલે તવજ્જોહ છે અને આ જ ચીઝ મુસ્તકબિલના ઈલ્મી તઅલ્લુકાત વાસ્તે સીડી સાબિત થાશે. ઈરાની મિડીયા, વેબસાઈટો અને પેપરોંમાં આકા મૌલાની આ મુલાકાતની ઝિક્રે ખૈર થઈ છે. **અપની હક્કની જમાઅતની પહેચાન, શોહરત અને બોલબાલા આલમના ગોશે ગોશામાં થાવા લાગી છે.** બીજા ગૈર લોગો બોહરાપણાને પોતાની જાગીર સમજતા હતા તે હવે મિટવા આવી છે. બોહરા નું નામ હવે આવે છે તો પૂછવામાં આવે છે કે, શું તમેં અલવી બોહરાથી તઅલ્લુક રાખો છો? આજે અપની વેબસાઈટ, અપના અખ્બાર, અપના એપ્લીકેશન દુનિયામાં મશહૂરો માઅરૂફ છે. યૂટયૂબ પર એ હંગામ છે કે, આકા મૌલાની ૩૦૦ જેટલી ઈલ્મી તકરીરોની કલીપ્સ મૌજૂદ છે. દુનિયાના લોગોની નઝર તેના પર છે. આલમમાં અપની અલવી બોહરા જમાઅત જ એક એવી જમાઅત બાકી રહી છે, જેના દાઈના દરવાઝા ગૈર બોહરા રિસર્ચ સ્કોલર્સ વાસ્તે ખુલ્લા છે. આપ મૌલા ફરમાવે છે કે, અહલુલ બૈત (અ.સ.) ના ઊલૂમો ફુનૂનને તેના મુસ્તહિક્ક લોગોમાં નશર-નઝર કરવા હર વક્ત આ ગુલામે આલે મોહંમદ (સ.અ.) તૈયાર છે. આ ખિદમત સિવાય બીજી કોઈ ખિદમત ઊંચી નથી.

આ સફરે મયમૂનના મખ્સૂસ નિકાત જે મુમેનીન વાસ્તે ફખરનો સબબ કહેવાય તે આ મુજબ છે :

- અલવી તારીખમાં આકા મૌલા પહેલા દાઈએ મુત્લક છે કે, જેમને આ ઈલ્મી સફર ઈખ્તિયાર કરીને અહલે શીઆમાં દાઅવતે અલવીયહની પહેચાનનો પરચમ બલંદ કીધો.
- સ્કોલર્સને દરમિયાન આપ મૌલાએ ખુદ અકીદા-તારીખ-ફિકહ-તરીકત-ફલસફાના સવાલોના જવાબ ખૂબ ઈત્મિનાન અને ગૌરો તદબ્બુરથી અદા કીધા.
- હર મિટીંગમાં આકા મૌલાએ ફસીહો બલીગ અરબી અને ઉર્દૂ ઝબાનમાં, મુકાસિરૂદાઅવત અને રાસુલ હુદૂદે ઈંગ્લીશ અને લેસાનુદાઅવતમાં તેમજ સઈદુલ ખૈર ભાઈએ ફારસી ઝબાનમાં ગુફતગૂ કીધી.
- ઈરાની આલિમોના કહેવા મુજબ આ પહેલો એવો મૌકો હતો કે, હિન્દુસ્તાનથી કોઈ વફદ-ડેલીગેશન આવું હોય અને સાથે કોઈ મુતરજિમ-ટ્રાન્સલેટર ન હોય. સબબ કે, મુતરજિમની કોઈ ઝરૂરત જ પૈશ ન આવી કેમકે સઈદુલ ખૈર ભાઈ ખુદ મુતરજિમ હતા અને ચારે સાહેબોંને તે તમામ ઝબાનોં આવડતી હતી જે ઈરાની આલિમોં બોલતા હતા.
- ઈરાનીઓની અરબી કે ફારસીમાં ખત્તાતી-કેલીગ્રાફી આલમમાં મશહૂર છે, મગર જે વક્ત આકા મૌલા જે જે જગાઓ પર તશરીફ લઈ ગયા, ત્યાં આપે પોતાના દસ્તે મુબારકથી બિસ્મિલ્લાહ અને આયાતે કુરઆનીયહની અલામત-કિતાબત કીધી તો તમામના દસ્ત બદાંન થઈ ગયા. યાઅની આપ મૌલાના બાકમાલો બાજમાલ હુરૂફની તહેસીનો તૌસીફ કરવા લાગા અને ઈઝહારે ખયાલ કીધી કે, હમેં હમારી ઓફીસ કે કોન્ફરન્સ હોલમાં આ આપની કિતાબતની યાદગારને ફ્રેમ કરાવીને લગાવીશું.

(બકીયાહ પેજ નં. ૯ પર)

**ખૈર ઝબાન તે છે કે જે ખુદાની શુક્રગુઝારી કરે.**

(પેજ નં. ૫ નું બાકી)

"હું ખુફીયા તૌરથી તમારા રબ વાસ્તે કુરબાની કરવા માંગું છું. શું તમેં તેનાથી રાઝી છો!" આપે કહ્યું કે, "પહેલા તો તું તારૂં દીન છોડી દે. લોગોને હકીકત કહી દે. આજ તક તુંએ જેટલાને ગુમ્રાહ કીધા છે તેના દરમિયાન એલાન કરાવ અને સાચો રસ્તો કયો છે તે તું તેઓને બતાવી દે. આ તું કરીશ, તો જ મારા રબ વાસ્તે તારી કુરબાની કુબૂલ થાશે." નિમરૂદ બોલો કે, આ હું નહીં કરી શકું! તો પણ હું કુરબાની કરવાના મારા ઈરાદાથી નહીં પલટું. તે બાદ નિમરૂદે એક હઝાર ગાય અને એક હઝાર બકરાને ઝબેહ કીધા. આપને કેદ માંથી રિહા કરી દીધા અને તે બાદ કોઈ પણ તરહની ઈઝા આપને પહોંચાડી નહીં.

આપ ઈબ્રાહીમ નબી (અ.સ.) ના હાથ પર લોગોએ ખુદાની કારીગરી અને કુદરતનો કરિશ્મો જોયો તે વક્ત કેટલાક આકિલ લોગો મખ્ફીમાં આપના હાથ પર ઈમાન લાવા અને ખુદાની વહદાનીયતનો ઈકરાર કરવા લાગા. આપની દાઅવતમાં લોગો શામિલ થયા તે વાત નિમરૂદ અને તેના સાથીઓથી છુપી રહી. પહેલામાં પહેલા તો આપના ભત્રીજા મૌ. લૂત (અ.સ.) અને આપના કાકાજીના દીકરી મૌ. સાર્રહ એ આપની દાઅવતનો જવાબ દીધો અને ઈમાનથી મુશર્રફ થયા. મૌ. સાર્રહના બાવાજી હર્રાન શહેરના બાદશાહ હતા. આપ હર્રાન શહેરમાં થોડા અય્યામ રહ્યા, દાઅવત કીધી અને સાર્રહ તેમજ લૂતના સાથે મિસિર તશરીફ લઈ ગયા. મિસિરથી નિકલીને શામના જઝીરામાં ગયા. ફલિસ્તીનના સુબૈઅ ઝિલઅ (જિલ્લા) માં આપ ઠહેરા.

આ જગા પર ખુદાતઆલાએ આપને ઈત્મિનાન બખ્શું. આપ થોડા વક્ત વાસ્તે ત્યાં રહ્યા. મુઅતફેકહ ગામમાં આપે મૌ. લૂતને બશારત આપી કે, ખુદાએ તેને નુબીવતથી ખાસ કીધા છે. તેની ઝિક્ર કુરઆને કરીમમાં છે કે, **"હમેં મૌ. ઈબ્રાહીમને અને મૌ. લૂતને દુશ્મનોંથી બચાવીને તે ઝમીનની તરફ પહોંચાવા કે તે ઝમીનમાં હમેં તમામ આલમ વાસ્તે બરકતને ઉતારી છે."** આ ઝમીનની બરકતથી મુરાદ એ છે કે, ખુદાના અકસર અંબિયા થયા તે આ શામની ઝમીન માંથી થયા અને બેશુમાર લોગોને હિદાયતનો રસ્તો આ અંબિયાના તાબેઅ થાવાથી મિલો. **"અરઝે મુકદ્દસહ"** યાઅની પાક-ચોખ્ખી ઝમીન અને **"અરઝુલ મહેશરે વલ મનશર"** યાઅની જે ઝમીનથી કેયામતના દિન લોગોને કબરોં માંથી હિસાબ વાસ્તે ઉઠાડવામાં આવશે અને ઝિંદા થાશે અને જેમાં મૌ. ઈસા નાઝિલ થાશે અને દજ્જાલને કત્લ કરશે તે તમામ એહવાલ શામની ઝમીન સાથે તઅલ્લુક રાખે છે. ✮

---

(પેજ નં. ૮ નું બાકી)

- દોઆતુલ બલાગ (રિ.અ.) ની આ બાસઆદત ઝમીનમાં દાઅવતે અલવીયહની કિતાબોં માંથી અહલે બૈત (અ.સ.) ના ઊલૂમે મુનીરહના મીઠા ચશ્મા દોબારહ જારી થાય, તે વાસ્તેની બુનિયાદ આકા મૌલાએ આ સફર દૌરાન નાંખી.
- શીઆની મુખ્તલિફ કૌમોમાં જે જે નુક્તાઓ અને અકીદાઓ પર ઈત્તેફાક અને હમખયાલી છે, તેના પર નિગાહ કરીને સાથે મિલીને કઈ તરહ ઈલ્મી ખિદમત આપી શકાય તે વાસ્તે આપ મૌલાએ મુકાલેમો શુરૂ કીધો.
- મુમેનીનના ફરઝંદો ઈરાનના મુખ્તલિફ ઈદારા અને કોલેજોમાં તાઅલીમ કઈ તરહ હાસિલ કરી શકે તે વાસ્તે આપે કોશિશ ઈબ્તેદા કીધી.
- બોહરાની તારીખ પર ફારસી ઝબાનમાં જે કિતાબ લખાઈ ચુકી છે, તો તેને જલ્દ અઝ જલ્દ પ્રિન્ટ કરવા વાસ્તે આપે પબ્લીશર્સ સાથે ગુફ્તગૂ કીધી.

અય મુમેનીન, યાદ રહે કે આ તમામ કોશિશોં જેમાં આકા મૌલાની ઝાતી જદોકદ શામિલ છે, તે ફક્તને ફક્ત અપની હક્કની જમાઅતની ઈલ્મી-અદબી તરક્કી અને બહેબૂદી વાસ્તે છે. ખુદાતઆલાની બારગાહે સુબ્હાનીમાં અપની એ જ દોઆ હોવી જોઈએ કે, મૌલાનલ મન્નાન, નાઈબે ઈમામિઝ્ઝમાન આકા મૌલાનો સાયો મુમેનીન પર હર વક્ત કાઈમો દાઈમ રાખે. આપની કોશિશથી પરચમે હક્ક અને લેવાએ અલવી હર વક્ત આલમમાં લહેરાતો રહે. આમીન. ✮

**ખૈર તાઅલીમ તે છે કે જેનાથી બીજાને ફૈઝ હાસિલ થાય.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૬

**"બદ-દિમાગ અને બેવકૂફ બૈરોથી શાદી ન કરો, તેની સોહબત બલા છે અને ઔલાદ આવારા છે."**

ઘરમાં બૈરો જો આકિલ, ફહીમ, સંજીદા અને વહેવારૂ હોય તો મરદની અડધી તકલીફ દૂર થઈ જાય છે. મરદની બીમારી અને મુશ્કિલીનો આસાન નુસ્ખો, બૈરોના સિયાના અને મુખ્લેસા હોવામાં છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, બરકતમાં અફઝલથી અફઝલ બૈરો તે છે કે જેના સબબ તેના મરદને ઓછામાં ઓછી મશક્કતનો સામનો કરવો પડે. યાઅની જે બૈરોના તકાઝા, ઉમ્મીદો, ખ્વાહેશાત, માંગ, લિબાસ, રહેન-સહેન સાદામાં સાદું હોય અને ઓછામાં ઓછી ચીઝોમાં ઈક્તેફા કરી જાણતી હોય.

ઈસ્રાઈલી કૌમમાં એક મરદ હતો. ઈમાનદાર અને પરહેઝગાર હતો. કસ્બે હલાલ કરીને ખુદાની બારગાહથી રોઝી તલબ કરતો હતો. તેની બદકિસ્મતી એ હતી કે, **તેની બૈરો અહમક, અકલની કાચી અને ભટકતી હતી.** દિનભર મહેનત કરીને જે વક્ત તેનો મરદ ઘર આવે તો તે યા તો કોઈ ગલી-કૂચામાં ફિરતી હોય યા કોઈ બીજાના ઘરે જઈને તારી-મારી કરતી હોય. રસ્તામાં કોઈ છોકરીઓ મિલે તો તેના સાથે રમતી હોય તો કોઈના સાથે હંસી-મઝાકમાં પડેલી હોય. જે વક્ત પણ તેનો મરદ તેને આ તરહના બદ-અત્વાર, બદ-આદત અને નાદાન હરકતોં વાસ્તે ટોકે તો તે જવાબમાં કહેતી હતી કે, તમેં મને શું કામ બોલા કરો છો? બીજા બધા બૈરો જે બદકારી કરે છે, મરદો સાથે બેવફાઈ કરે છે, તે તો હું નથી કરતી! હાઁ, દિલને બહેલાવવા શું આ પણ હું ન કરૂં?

આ તરહની નોંક-ઝોંક રોઝની આદત બની ગઈ હતી અને તે મરદ આના સબબ પરેશાન હાલ રહેતો હતો. એક રાત એવું બનું કે, મરદ થાકોહારો કામ પરથી આવો અને બૈરો ઘરમાં ન હતી. મરદે પોતે જમન તૈયાર કીધું અને દરવાઝાને અંદરથી બંધ કરીને બિસ્તર બિછાવીને થાકના મારે સુઈ ગયો. બૈરો રખડતી-રખડતી આવી અને ઘરના દરવાઝાને બંધ જોયો. ખોલવા વાસ્તે પોતાના મરદને બુમો પાડી. મરદ ગહેરી ઊંઘ માંથી ચમકીને જાગો અને કહ્યું કે, "જ્યાંથી તું આવી ત્યાં ચાલી જા! મારી એવી હાલત નથી કે આ વક્ત હું તારા વાસ્તે દરવાઝો ખોલું. સવાર થાવા દે અને આસપાસના લોગોને ખબર થઈ જાશે કે, **તું કહાઁ છે અને હું કહાઁ છું.**"

બૈરો ખૂબ ગુસ્સામાં આવી ગઈ અને ગમે તેવું મરદને બડબડવા લાગી. કસમ ખાઈને બોલી કે, "જો તમેં જાણો છો કે, કરીબમાં એક કૂવો છે. જો તમેં દરવાઝો નહીં ખોલો તો હું હમણા જ કૂવામાં છલાંગ લગાવી દઈશ. પછી લોગોને જે તમને કહેવું હોય તે કહેજો અને મારી મૌતના તમેં પૂરેપૂરા જવાબદાર હશો." તેનું આ મુજબ કહેવું ફક્ત ઢોંગ હતો. તે બૈરોએ શું કામ કીધું કે, પોતાના ઘરના નઝદીકથી એક મોટો પત્થર લાવી અને ઝોરથી કૂવામાં ફેંકો. જે વક્ત પાનીનો મોટો આવાઝ થયો તો ઘરની દીવારની આડમાં જઈને છુપી ગઈ. છલાંગ મારવાનો આટલો મોટો આવાઝ જે વક્ત મરદે સાંભલો તો તે સમઝો કે, બૈરોએ આખિર કૂવામાં છલાંગ લગાવી જ દીધી છે.

તે ગભરાયો અને દરવાઝો ખોલીને દોડતો-દોડતો કૂવાને નઝદીક પહોંચો કે બૈરોને બચાવી લે. પણ જે હંગામમાં તે કૂવામાં બૈરોની તલાશ કરવા લાગો કે ફૌરન મૌકો જોઈને તે બૈરો ઘરમાં દાખિલ થઈ ગઈ અને અંદરથી દરવાઝાને બંધ કરી દીધો. બીજી જાનિબ મરદને કૂવામાં કોઈ ચીઝ દેખાઈ નહીં. તે પરેશાન થઈ ગયો અને તરહ-તરહના ખયાલોંમાં ઘેરાઈ ગયો. ગમગીની સાથે ઘરના દરવાઝા તરફ આવો અને આહિસ્તાથી દરવાઝાને ખોલવા લાગો. **પણ શું જોઈ છે કે, દરવાઝો તો અંદરથી બંધ છે.**

અજબ થઈને તેએ નિદા કીધી કે, આ મારા ઘરનો દરવાઝો કોણે બંધ કીધો છે? તે બૈરો જે ઘરમાં ઘુસેલી હતી, બોલી કે, મેં બંધ કીધો છે. તમેં મને ઘરના બાહર રાખવાના હતા ને, લો! હવે તમેં બાહર અને મેં અંદર છું. મારી ઈઝ્ઝત નહીં પણ હવે તમારી ઈઝ્ઝત જાશે. મરદ બોલો કે, દરવાઝો ખોલી દે, આ તારી હિમાકતના સબબ અપની આબરૂ જાશે. બૈરો બોલી કે, હવે તો સવારે જ દરવાઝો ખુલશે, જે વક્ત કે આસપાસના લોગો જોશે કે, તમેં કહાઁ છો અને હું કહાઁ છે! પૂરી રાત મરદ દરવાઝાના બાહર બેસી રહ્યો. જે વક્ત ફજર થઈ તો ઘરની છત પરથી તે બૈરો ઝોરઝોરથી બુમો પાડવા લાગી અને અડોશ-પડોશના લોગો તેના ઘર નીચે ભેગા થઈ ગયા.

(બકીયાહ પેજ નં. ૪૫૨)

**ખૈર ખયાલ તે છે કે જેથી ભાઈઓની ઈઝ્ઝતમાં ઈઝાફો થાય.**

# સૂરતના મુસાફિરખાનાનું ઈફ્તેતાહે સઈદ

૩૫ માં દાઈએ મુત્લક, વફાદારીના નિશાનને બલંદ કરનાર, મુમેનીનને રાહે રાસ્ત પર વાલનાર, સૈ. નૂરૂદ્દીન નૂરભાઈ બિન સૈ. શૈખઅલી સાહેબ (આ.કુ.) નું નૂરાની અયવાન ૧૧૫૮ હિ. થી મુમેનીન વાસ્તે બાઈસે રાહતો કરારીયત બનેલું છે. આપના દરબારમાં સાઈલની એ કદરો મંઝેલત છે કે, તે સાહેબે દૌલત બની જાય છે. બેઔલાદનો એ શરફ છે કે, તેને ઔલાદની નેઅમત મિલી જાય છે. બલામાં ગિરફ્તાર વાસ્તે એ કરમ છે કે, તે સુકૂનના આસ્માનમાં પરિન્દાની જેમ આઝાદ થઈ જાય છે. તંગદસ્ત વાસ્તે એવો એજાઝ છે કે, તેના વાસ્તે રોઝીના દરવાઝા ખુલી જાય છે. બીમારીથી બેઆબ થયેલા જિસ્મ વાસ્તે એ દવા છે કે, તેનું જિસ્મો જાન ગુલ જેમ ખિલી ઉઠે છે. મૌત સિવાય હર ઉકદાનો હલ, હર તાલાની ચાવી અને હર ઉલઝન વાસ્તેનો રસ્તો આ દરબારે નૂરાનીમાં હાઝિર છે.

આપના અયવાનનો હર ઝર્રો આપની પુરનૂર દાઅવતની શાહિદી આપે છે. **આપના રૌઝા મુબારકહમાં આપની વફાદારીની ખુશ્બૂ આવે છે.** આપની ઝિયારતની બરકતથી આજે મુમેનીનના ઘરો અને કારોબાર આબાદ છે. આપ મૌલાએ ૨૦ સાલ તક સૂરતમાં દાઅવત ફરમાવી તે બાદ ૧૧૭૮ હિ. થી આપના ઘરના અહલે આપના રૌઝાની જગા અને મસ્જિદના ઈહાતાને સાચવો. તાકે ૪૨ માં દાઈએ મુત્લક સૈ. બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના વક્તમાં આપના ફરમાનથી શેઠ નૂરભાઈ પેટીવાલાએ મસ્જિદ તાઅમીર કીધી, શેઠ હુસૈનઅલી ગ્રાન્ટરોડવાલાએ આપના રૌઝા તાઅમીર કીધા અને મુંબઈના ૬ શેઠીયાઓએ મિલીને ૧૩૬૬ હિ. માં કદીમ મુસાફિરખાનું તાઅમીર કીધું જેનું ઈફ્તેતાહ સૈ. બદરૂદ્દીન સાહેબે પોતાના દસ્તે મુબારકથી ફરમાવું.

૪૪ માં દાઈએ મુકદસ મૌલા બાવાજી સાહેબે ફરમાન કીધું કે, કદીમ મુસાફિરખાનાને શહીદ કરીને તેની જગા પર જદીદ મુસાફિરખાના વાસ્તે અસાસ મુકવામાં આવે. રાસુલ હુદૂદ સાહેબે અસાસ મુકી અને તે બાદ મુસલસિલ તાઅમીરનું કામ ચાલું રહ્યું જે દરમિયાન બાવાજી સાહેબનો ઈન્તેકાલ પુર મલાલ વાકેઅ થયો. ૪૫ માં દાઈએ મુત્લક સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) અર્શે દાઅવત પર મુસ્તવી થયા બાદ આપે અલવી જમાઅત ટ્રસ્ટના સરપંચ તરીકે તેના કુલ્લી ઊમૂર પર નિગાહ દાશ્તી કીધી અને સાથે સાથે મુસાફિરખાનાની તાઅમીર અંજામ તક પહોંચી. **લેહાઝા, આપે ઈઝહાર કીધો કે, સૈ. નૂરૂદ્દીન સાહેબના ઉર્સના મૌકા પર જ તેનું ઈફ્તેતાહ થાય.**

ઉર્સ મુબારકના મૌકા પર આપ મૌલા સૂરત તશરીફ લઈ ગયા. બહેરમના દિન જુમેરાતે મગરિબની નમાઝ પહેલા ૪:૦૦ વાગાના કરીબ દાઅવતે શરીફહના હુદૂદ, જમાઅતના આઅયાન, મુખ્તલિફ અંજુમનોના અરાકીન, વડોદરા અને મુંબઈથી આવેલા કસીર તાઅદાદમાં મુમેનીનને દરમિયાન આપ આકા મૌલાએ જદીદ મુસાફિરખાનાનો ઈફ્તેતાહે સઈદ ફરમાવો. તમામે દરવાઝા પર આયતુલ કુરસીની તિલાવત કીધી. આકા મૌલાએ આ ત્રણ મંઝિલા ઈમારત જેમાં ૨૫ રૂમ અને ૧ હોલ છે તેનો ઐની મુશાહેદો કીધો. આપ પહેલે માલે આપના મખ્સૂસ રૂમમાં પધારા અને જે ભાઈઓએ તાઅમીરના કામમાં અહમ કિરદાર અદા કીધો હતો તેની તહેસીનો તાઅરીફ ફરમાવી.

આકા મૌલાના મરકઝી બયાન સાથે તિલાવતે કુરઆન, કસીદાખ્વાની, ઈઝ્ઝતઅફઝાઈ અને તાઅમીરની તફસીલાત પર નઝર નાંખવામાં આવી. આપ મૌલાએ ફરમાવું કે, "કોઈપણ ચીઝ એક વાર તો તાઅમીર થઈ જાય છે, મગર તે બાદ તેની ઝીનતને બરકરાર રાખવી, તેને સાચવવી, મેન્ટૈન કરવી ઘણું જ અહમ કામ છે. મુમેનીન આ મુસાફિરખાનાને પોતાનું બીજું ઘર સમઝે. જેમ પોતાના ઘરની ચીઝને તેની જગા પર બરાબર મુકે છે તેમ આ ઈમારતના રૂમોમાં પણ એ જ મુજબ તકેદારી રાખે. યહાઁ પર ઝિયારતના મકસદથી આવે તો પોતાનું ઘર સમઝીને રહે અને તેને કોઈ પણ તરહના બિગાડ અને નુકસાનથી બચાવે. **જે શખ્સ સાચવીને રહેશે તો શાયદ બીજે દિન તે જ જગા બીજા વાસ્તે રહેવા લાઈક બની રહેશે.**"

"અય મુમેનીન! ૨૨ મી શાઅબાન ૧૪૩૬ હિ. ના દિન મારી તખ્તનશીનીની મજલિસમાં મેં ગુલામહુસૈનભાઈ અહમદાબાદવાલાને રઝા ઈનાયત કીધી કે, અહમદાબાદમાં મુસાફિરખાનાને પાછલ ખુલ્લી જગામાં એક હોલ અને નમાઝ વાસ્તેની ઈમારત તાઅમીર કરવામાં આવે. એ ભાઈએ સમઅન વ તાઅતન મારા ફરમાનને લબ્બૈક કહીને કામ ઉપાડી લીધું (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ખૈર આદત તે છે કે જેથી પોતાના કુસૂરને સમઝી શકાય.**

(પેજ નં. ૧૧ નું બાકી)

અને આજે તે ઝૈરે તાઅમીર છે. ઈન્શાઅલ્લાહ અન-કરીબ ચંદ અરસામાં તેનું પણ આ જ મુજબ ઈફતેતાહ થાશે. હવે પછી એક અહમ કામ હમારી નઝરોં સામે છે, તે આજવા રોડ પર તૈયેબી મસ્જિદનું કામ છે. હર સાલ નવી-નવી ફેમિલીઝ આ ઈલાકામાં વધી રહી છે અને મુમેનીનની તાઅદાદમાં ઈઝાફો થઈ રહ્યો છે. જે વક્તમાં મસ્જિદ તાઅમીર થઈ હતી તો એટલો અંદાઝો ન હતો કે એટલા મુખ્તસર વક્તમાં મુમેનીન આ હદ તક આ ઈલાકામાં મકાનો લેશે. હવે નમાઝ વાસ્તે જગા તંગ થઈ રહી છે. આ મસ્જિદને શહીદ કરીને અઝ-સરેનૌ નવી મસ્જિદ તાઅમીર થાય તો ઘણી બધી મુશ્કિલાતનો હલ લાવી શકાય. **પ્રોજેક્ટ ખૂબ મોટો છે. કરોડોનો અંદાઝો છે. પણ હમને સાથે મિલીને આ કામને ઉપાડવું પડશે.** બીજી રાહતો વાસ્તે જો હમેં હમારા ઘરોમાં લાખો રૂપિયા ખરચતા હોઈએ તો નમાઝ અને ઈબાદતની રાહત વાસ્તે ખુદાની રાહમાં ખુદાના ઘર વાસ્તે દૌલતને ખર્ચ કરવાનો ઈરાદો હમેં ન કરી શકીએ! ઝરૂર કરી શકાય, સાહેબે ફૈઝો સખા વાસ્તે આ કઈ મુશ્કિલ કામ નથી."

"બીજું એ કે, બે જગાઓ-એક બુસ્તાને બદરી, મારૂ ફળીયાની ખોલીઓ અને બીજી બદરી મોહલ્લાને બાહર મસ્જિદના ઈહાતાથી લાગેલી જ્યાં જ્યાં દુકાનો છે! આ બેવેને ડેવલપ કરીને મુમેનીન વાસ્તે ફલેટસ બનાવવામાં આવે. જે મુમેનીન બીજા ઈલાકાઓમાં જ્યાં અપની મસ્જિદ નથી, મઝાર નથી, સમાજ નથી ત્યાં હઝારો રૂપિયાનું ભાડું ભરે છે, તેઓ અપના સમાજથી કરીબ થાય, અપની જ જગામાં સેટલ થાય અને મુમેનીનના મજમઅમાં દાખિલ થાય. આ બધી ચીઝ કરવામાં ઘણા મકસદો છે, જેમાં અવ્વલ તો એ કે, મુમેનીનના મકાનો થાય તો અપની જગાઓની હિફાઝત થાય અને અપના મુમેનીનના સબબ જ જમાઅતમાં આવક ઊભી થાય."

"૧૪૩૭ હિ. ના મોહર્રમ હરામની મારી વાઅઝમાં મુમેનીનને મુતવજ્જેહ કરાવેલા કે, આજવા રોડ પર નવા મકાનોની જગા મુખ્તસર બચેલી છે. મકાનોની કીમતમાં ગૈર-ઝરૂરી વધારો થઈ રહ્યો છે. આજવા રોડ પર જે કીમતમાં મુમેનીન મકાનો ખરીદે છે તે જ કીમતમાં બીજા ઈલાકામાં બે મકાન ખરીદી શકાય છે. લેહાઝા, મારો ઈરશાદ છે કે, **મુમેનીન હવે પ્રતાપનગર રોડ તરફ રૂખ કરે. બદરી મોહલ્લાને નઝદીકના એરીયામાં નિગાહ કરે.** શું કામ કે, મકાનોની કીમત મુમેનીનની પહોંચમાં છે,મસ્જિદ-મઝાર-કબ્રસ્તાન-મદ્રસો નઝદીકમાં છે. દાઈયુઝઝમાન પાછલ નમાઝ અદા થઈ શકે અને આપના દીદારથી શરફયાબ થઈ શકાય. શહેરના સેન્ટરને નઝદીક હમારા ઈલાકા હોવાના સબબ હર તરહની ચીઝ મોહય્યા છે. પ્રતાપનગર ઈલાકામાં નવી-નવી બિલ્ડીંગ તાઅમીર થાતી જાય છે, લેહાઝા, મુમેનીન આ મારી વાત પર ગૌરો ફિકર કરીને આ ઈલાકાને પોતાની રેહાઈશ વાસ્તે પસંદ કરે. આ મારા ફરમાન પર અમલ કરીને આજે ૧૨-૧૫ મુમેનીન પ્રતાપનગર રોડ પર મકાનો લઈ ચુકા છે અને જેમ જેમ બંદોબસ્ત થાય છે તેમ રહેવા પણ જઈ રહ્યા છે. બીજા ઉમ્મીદવાર મુમેનીન પણ મકાન વાસ્તે આ ઈલાકા તરફ રૂખ કરે. આ સાથે મને ખબર આપવામાં આવી કે, **તાંદલજાનો ઈલાકો વેપાર-રોઝગાર વાસ્તે ઉમ્દા ઝરીઓ છે.** જે મુમેનીનની રોઝીમાં તંગી હોય, મગર કોઈ હુનર જાણતા હોય, હિમ્મત હોય અને દુકાનનું ભાડું ભરી શકતા હોય તો નાના પાયે કોઈ દુકાન લઈને તાંદલજામાં પોતાની રોઝી વાસ્તે કોશિશ કરી શકે છે."

"અય મુમેનીન! છેલ્લા દસ સાલના જમાઅતમાં જન્મ-મૌતના આંકડા પર નિગાહ કરીએ તો ખૂબ ફિકરઅંગેઝ હકીકત બાહર આવી છે. **વિલાદત કરતા વફાતની ગિન્તી ઝિયાદહ છે.** એમ નથી કે, નાગહાની મૌતના સબબ આ થયું છે, મગર બીમારી, બુઝુર્ગી, ઉમ્રરસીદગી જ ઝિયાદહતર મૌતનો સબબ છે. જમાઅતની તાઅદાદને વધારવા વાસ્તે હવે જવાનોને સંગીન તૌરથી સોચવાનું છે. ફક્ત એક-બે ઔલાદનો ખરાબ ટ્રેન્ડ જે હાલમાં પડી ગયો છે, તેના સબબ સમાજ ખોખલો થઈ રહ્યો છે. તેના મુખ્તલિફ અસ્બાબ છે, હમને આ ચીઝ મિટાવવી પડશે. ખુદાતઆલા ઔલાદ અને રોઝીનો ઝામિન છે. રબ્બુલ ઈઝઝત પર તવક્કુલ રાખીને હમને **"વી ટુ અવર ફોર"** ના તરીકાને અપનાવવો પડશે. જે મુમેનીન તમામ તરહના વસાઈલ, તાકત અને ઝરીઆ રાખે છે તેઓ વાસ્તે કઈ જ મુશ્કિલ અમર નથી. આના ઝરીએ તમામ કિસ્મની સેહત હાસિલ થઈ શકે છે. ખાસ કરીને જમાઅતની સેહત અને તેની બહેબૂદી."

ખુદાતઆલા હમને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના પુર હિદાયત કલામ પર અમલ કરનાર કરે અને જમાઅતની ખિદમત વાસ્તે હમને તૌફીકે ખાસ આપે. આમીન. ✫

**ખૈર જમન તે છે કે જે ઘરમાં પાકે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૩૧

સાહેબે યૌમુલ જોમોઅહ રસૂલુલલાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "હું અને કેયામતનો દિન બે એકસાથે આ બે ઈશારાની આંગલી મુજબ ઉઠાવવામાં આવા હતા, મગર હું મુકદ્દમ (પહેલો) થયો યાઅની દુનિયામાં મારી વિલાદત પહેલા થઈ અને કેયામતના દિનને મુઅખ્ખર (પાછલ) કરવામાં આવો." આપ નબી સાહેબના દૌરે મોહંમદીના અંજામ પર કેયામત છે. આપના મબ્ઊસ થાવાથી - નબી બનવાના વક્તથી કેયામત તક શયતાન રજીમને છુટો દૌર છે. લોગો પર શરીઅતનો તકલ્લુફ છે, પાબંદી કરવી લાઝિમ છે. પણ આ દૌરે શયતાનીમાં હર કોઈના બસની વાત નથી કે તે પાબંદ રહે. આ હાલતમાં શયતાન પોતાનું કામ કરી લે છે. આ શયતાની ચક્કરમાં લોગોના અમલ ઢીલા શું પડા કે તરહ-તરહની ખરાબીઓની નિશાનીઓ ઝાહિર થાવા લાગે છે. આ નિશાનીઓ કેયામતની યાદ અપાવે છે કે, તમેં શું જાણો કે, કેયામત શું છે? **કેયામત તો દિલોંમાં ઝલઝલો પૈદા કરી દે છે. આઁખોંમાં અંધાર લાવી દે છે. હાડકાંઓને તોડી નાખે છે. ઝબાનમાં લડખડાહટ લાવી દે છે. દિમાગને ગુમ કરી દે છે.**

આ એવા વહેશતનાક હાલાત છે કે, મુમિન પોતાના ઈમાનને છુપાવી દે છે. ખૂબ ખામોશીથી અમલ કરે છે, ખૂબ તન્હાઈમાં ઈલ્મ પઢે છે. ખૂબ બાતિનમાં ઈમામે હક્કની ઈતાઅતના અમરને ઉઠાવે છે. આનાથી બરખિલાફ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, આ એવો દર્દનાક આલમ હક્કના મુમેનીન વાસ્તે હશે કે, તેઓ જોશે કે હર તરફ જૂઠ-બનાવટ છે. મકરબાઝી અને ફરેબીને અકલમંદીનું નામ અપાઇ રહ્યું છે. ઝકાતુલ માલને દંડ અને જુર્માના તરીકે લોગો આપી રહ્યા છે. ગનીમતનો માલ લુંટાઇ રહ્યો છે. માઁ-બાપ સાથે બેવફાઈ થઈ રહી છે. તેઓની ચાકરી કરવાના બદલે ઔલાદ નમક-હરામી કરી રહી છે.

જૂઠ બોલવું એક ફેશન થઈ ગઈ છે. લોગો ઝરા પણ ખચકાતા નથી. કહે છે કે, વાતને ટાલવા, વેપારીઓને સાચવવા, ગ્રાહકને મનાવવા અને બાઝારમાં ટીકવા જૂઠી વાતોં અને જૂઠા વાઅદાઓ તો કરવા જ પડે. ફોન પર કેમ જૂઠ બોલાય છે તે મુમેનીન બહેતર જાણે છે. હોય છે વડોદરામાં જ અને કહે છે કે, બહારગામ છું. **હદ તો એ છે કે, જૂઠ બોલનાર ખુદને ઘણો અક્લમંદ સમજતો થઈ ગયો છે.** એને લાગે છે કે, હું કેવો બધાને બેવકૂફ બનાવું છું! પણ એ જાણતો નથી કે, આ જ જૂઠ બોલવાની આદત એને લઈ ડૂબશે.

દંડ ક્યારે હોય કે તમેં કાનૂનને ખિલાફ જાવ યા વક્ત પર તમેં તેને અદા ન કરો. મગર ઝકાત તો માલને પાક કરવાનો સબબ છે. તે પણ શરીઅતના હુકમથી, આલે મોહંમદ (સ.અ.) ના તરીકતથી, દાઈયુલ્લાહ એક નિસાબ, કાયદા અને હિસાબ મુજબ મુમેનીનથી ઝકાત લે છે, દૌલતની નાપાકીને મિટાવે છે. હર શખ્સની આદત હોય છે કે તેને જ્યારે પણ નાપાકી દેખાય કે ફૌરન તેને દૂર કરવાની કોશિશ કરે છે. તો શું માલ-દૌલતને નાપાકી નથી લાગતી? જેમ વક્ત જાય છે અને દૌલત વધે છે તેમ તેમાં નાપાકી દાખિલ થાય છે. ગંદકીને સાફ કરવા જેમ પાનીની ઝરૂરત પડે છે,તેમ દૌલતની નાપાકીને દૂર કરવા ઝકાતની ઝરૂરત પડે છે. **ઘણા થોડા લોગો હશે જે સાહેબે હક્કને ખુલૂસે દિલથી ઝકાત આપશે.** જેમ કેયામત નઝદીક આવશે તેમ તેમ આ ગિન્તી કમ થાતી જાશે. લોગો ઝકાત તો આપશે પણ ચોરી કરીને, હિસાબ બગૈર, ગૈર તરીકાથી, બોઝ સમઝીને, દંડના લેહાઝથી.

ઔલાદ, તાઅલીમના બલ પર, દૌલતના દમ પર, જવાનીના જોશ પર, તમામ ચીજ પોતે કરી ગુઝરવાના જુનૂન પર, પોતે જ હુશિયાર છે તેના ગુરૂર પર, પોતાના જ વાલેદૈનને રખડાવશે. માઁ-બાપને જુનવાની ખયાલના કહીને પસ્ત કરશે. તેઓ હવે ઝઈફ થઈ ગયા છે અને કોઈ કામના રહ્યા નથી તેનો અહેસાસ કરાવીને ઝલીલ કરશે. તેઓની વાત મઝાકમાં ખપાવીને હઁસી કાઢશે. ઔલાદ એક લમ્હો પણ વિચારતી નથી કે, તેનો પણ આ જ મુજબ બુઢાપા-ઝઈફીનો ઝમાનો આવનાર છે. હર કોઈની જવાની, કમ્ઝોરીમાં તબ્દીલ થાનાર છે. જેમ ઔલાદ પોતાના વાલેદૈન સાથે વહેવાર કરશે તેમ તેની ઔલાદ તેમના સાથે વહેવાર કરશે. **જે તમેં કરશો તે મુજબ તમારા સાથે થાશે.** વાલેદૈનને વાસ્તે અહેસાનફરામોશી અને બેઈઝઝતી કેયામતને કરીબ લાવશે. ✫

**ખૈર લિબાસ તે છે કે જેના પહેરવાથી ઘમંડ ન પૈદા થાય.**

## " ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ "
## ૯૧૪ મીલાદે તૈયેબી - ૪ ર. આખર ૧૪૩૮

મુનવ્વર યે સારા જહાઁ કીજીયે અબ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
હરએક દિલ કો બસ શાદમાઁ કીજીયે અબ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
ઝમાના હે બરગશ્તા બેઢબ હે હાલત,
કિસી પર મુસીબત કિસી પર હે આફત,
અંધેરા હે આઁખોં મેં ફૈલી હે ઝુલમત,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
કેયામત કે હર જા પે આસાર હૈં અબ,
અલમ કે હરએક દિલ પે અંબાર હૈં અબ,
ગમો રંજ મેં સબ ગિરફતાર હૈં અબ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
મિલેગી ભલા હમકો તસકીન અબ કબ,
હુએ એક મુદ્દત સે હો આપ ગાઈબ,
બરસ મૌલા નૌ સદીયોં કે ગુઝરેં હૈં અબ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
નહીં ચૈન મેં કોઈ સાઅત અબ ઈન્સાઁ,
હે બિદઅત કહીં ઔર કહીં શર નુમાયા,
કોઈ દિલ હે હયરાઁ કોઈ હે પરેશાઁ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
થી બૈદાર તકદીર વો સો ગઈ હે,
ગિરાની હરએક ચીઝ મેં હો ગઈ હે,
જો રોઝી મુહય્યા થી કમ હો ગઈ હે,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
હયા આઁખોં મેં હે ન દિલ મેં મહબ્બત,
હસદ હે કહીં ઔર કહીં હે અદાવત,
ભરી હે દિલોં મેં હરએક કે કુદૂરત,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
જો કહેલાતે આલિમ હૈં આલમ મેં અકસર,
હૈં વો જાહિલોં સે ભી બદતર કુઝૂંતર,
હે નેકોં કી ગીબત કા શુગ્લ ઉનકો યકસર,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
રહેં મૌલા હાતિલ ઝકી શાદો ખુર્રમ,
દોઆએં હૈં મુમિનોં કી યે હર દમ,
રખેં અપને સર પર ખુદા ઉનકો કાઈમ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
હયાતી મેં બરકત અજબ હક્કને દી હે,
ઉંમર સાલ ઉનસાઠ કી હક્કને કી હે,
મદદગાર ઉનકે હમેશા અલી હે,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.
જો હે તૈયેબી સરવરે દીં કા ખાદિમ,
ગુનાહોં સે અપને બહુત હે વો નાદિમ,
કરમ કીજીયે ઉસ પે અય દીં કે હાકિમ,
ઝુહૂર અય ઈમામુઝ઼ઝમાઁ કીજીયે અબ.☆

## સૈયેદના સાહેબ આકા મૌલા (ત.ઉ.શ.)
## ની ૫૯ મી મીલાદે પુરનૂરની મુહન્નાબાદી

બુલબુલેં શાદ હૈં ગુલશન મેં હે ફિર તાઝા બહાર,
ગુન્ચઓ ગુલ મેં, રંગો બૂ મેં હે કુછ ઔર અત્વાર.
તારી હર મુમિને મુખ્લિસ કે હે ચહેરોં પે ખુશી,
આ ગઈ ગુલશને ઈમાઁ મેં નઈ ફસલે બહાર.
તૈયેબી શાન કે મઝહર હે યે મૌલાના ઝકી,
ઉનકે હર લફ્ઝ મેં ઈન્સાફ, નસીહત, ઈસાર.
જહાઁ છા જાએ તેરે લુત્ફો કરમ કે બાદલ,
બારિશે ફરહતો આરામ સે ભર જાએ દિયાર.
ક્યા અજબ સૂરતે પરવાના ગિરેં હમ તુઝ પર,
સર નિગૂં હોતે હૈં જબ તેરે કદમ પર અગયાર.
સર ઝુકાતે હૈં કદમ પર તેરે શાહાને જહાઁ,
સર નિગૂં હોના તેરે સામને હે ઈઝ્ઝો વકાર.
હે નજાત ઉસકે લિયે જિસકા અકીદા યે હો,
દાઈએ હક્ક હે તું ઔર નાઈબે આલે અત્હાર.
રહેતે હૈં તેરે અદૂ ગમઝદએ હાલ સદા,
છોડ કે દામને હક્ક પાએંગે વો કૈસે કરાર.
તુઝકો ઉન્સાઠ-૫૯ વી મીલાદ મુબારક મૌલા,
તેરે તલઅત પે ચમકતે હૈં ઈમાની અન્વાર.
નૈકબખ્તી તેરે કદમોં મેં હે ઈકબાલ બલંદ,
કૌનસી હે વો સઆદત જો ન હો તુઝ પે નિસાર.
એક નિગાહ તેરે કરમ કી જો કભી હો જાએ,
લોહા સોના બને, ઈક્સીર બને ગર હો ગુબાર.
ખમર અંગૂરી કી હાજિત નહીં સકો હરગિઝ,
જો કે હો તેરી મોહબ્બત કા અય આકા મેખ્વાર.
તેરા સાયા રહે હમ સબ કે સરોં પર દાઈમ,
ખુશો ખુર્રમ રખે અલ્લાહ તુઝે લયલો નહાર.
લબ પે હામિદ કે હમેશા યહી રહેતી હે દોઆ,
તુઝ સે સરસબ્ઝ રહે દાઅવતે આલે મુખ્તાર. ☆

**ખૈર મશ્વરો તે છે કે જેને આપવામાં આવે તે અમાનમાં રહે.**

## નાઅતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

જો તુમ દે દો ઈરાદોં કો સહારા, યા રસૂલુલ્લાહ,
તો યસરબ કા કરૂં મૈં ભી નઝારા, યા રસૂલુલ્લાહ.
દિયા ઉસકો વહીં તુમને સહારા, યા રસૂલુલ્લાહ,
ખુલૂસે દિલસે ગર કોઈ પુકારા, યા રસૂલુલ્લાહ.
મુઝે જબ તક ન દે દોગે સહારા, યા રસૂલુલ્લાહ,
નહીં છોડુંગા મૈં દામન તુમ્હારા, યા રસૂલુલ્લાહ.
ગમે ફુરકત મેં વો સોયા કે મુઝકો આપકે દર તક,
બહા લાયા મેરે અશ્કોં કા ધારા, યા રસૂલુલ્લાહ.
ખતાઓં કી તરફ મેરી ન દેખો, રહેમ ફરમાવો,
મૈં જૈસા ભી હું, લેકિન હું તુમ્હારા, યા રસૂલુલ્લાહ.
પરેશાં હાલ હે, બેઆસરા હે, આપકે મુમિન,
મદદ કે વાસ્તે આઓ ખુદારા, યા રસૂલુલ્લાહ.
યે દાઈ કૌમ કે હાતિમ, હે હર જા રૌશની ફેલી,
સદા હી ઔજ પર ચમકે સિતારા, યા રસૂલુલ્લાહ.
તસવ્વુર મેં સહી લેકિન મદીના દેખકર માના,
યે અલવી વસ્ફ કે મૈદાઁ મેં હારા, યા રસૂલુલ્લાહ.

## ૩૧ માં દાઇએ મુત્લક
## સૈ. બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.)
## ૧૯ ર.આખર ૧૪૩૮ હિ.

ફિરદૌસ સે ક્યા કમ હે રૌઝ મેરે મૌલા કા,
વલીયોં મેં ભી રૂત્બા હે, યકસાઁ મેરે મૌલા કા.
દેતે હૈં તવાફ આ કર કુદસી તેરી તુરબત પર,
જન્નત સે ભી હે આઅલા, રૌઝા મેરે મૌલા કા.
બીમાર કો હાસિલ હે ઈસ સે શિફાએ કામિલ,
બનતા હે દવા ગોયા, દાના મેરે મૌલા કા.
મુમિન કે લિયે બરકત, ગૈરોં કે લિયે ઈબ્રત,
ક્યા હક્ક સે મુનવ્વર હે, રસ્તા મેરે મૌલા કા.
ક્યા પૂછતે હો હમ સે બૈગાને બતાએંગે,
હર કૌમ ને દેખા હે, જલ્વા મેરે મૌલા કા.
હિકમત કે ધની ભી હૈં, ઔર નામ બદરૂદ્દીં હૈં,
મુમિન કા શિફાખાના, રૌઝા મેરે મૌલા કા.
બીમાર શિફા પા કર, આતે હૈં ઈસી દર સે,
યે મોઅજિઝા દેખા હે, અદના મેરે મૌલા કા.
સદકે સે મોહંમદ કે આઁચ આએ ન દાઅવત પર,
મિલ્લત પે રહે હર દમ, સાયા મેરે મૌલા કા.
કહતે હૈં સભી આ કર યે બાત નદીમ અકસર,
હર સૂ હે ઝમાને મેં, ચરચા મેરે મૌલા કા. ☆

## તિજારત


યા અલી મદદ
“ વ્હોરા આલમમાં “ ટોપી ” નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ ”

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તેયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**

**જૂના અને જાણીતા**
**મીઠનબેન એફ. નવસારીવાલા**
**(ટોપીવાલા)**
**સારી ક્વોલીટીની ટોપીઓ મળશે.**
**સરનામું :** વાડી, બદરી મોહલ્લા,
નુરાની મસ્જીદની બાજુમાં, વડોદરા-૩૯૦ ૦૧૭.
મો.: ૯૦૫૪૫૬૨૦૫૫ / ૭૩૮૩૭૨૮૯૯૪

**Required for a C.A Firm**
Commerce grad / CA inter with 2-3 years of experience at Dandia Bazar. Should know tally, MS Excel and VAT. Freshers may also apply. Should be able to handle independently all accounts related work upto finalization.
**AKBAR CHASMAWALA & CO.**
**CHARTERED ACCOUNTANTS**
**M.: 9825316402 E-mail : caakbsana@gmail.com**

## હર દમ સલામ તુમ પર

મહેબૂબે રબ્બે અકબર, હર દમ સલામ તુમ પર,
મુખ્તારે રૌઝે મહેશર, હર દમ સલામ તુમ પર.

તેરે લિયે ખુદાને સારા જહાઁ બનાયા,
અરશે ઊલા પે તુઝકો ખાલિક ને ખુદ બુલાયા,
અય અંબિયા કે અફસર, હર દમ સલામ તુમ પર.

નાને શઈર ખાકર બખ્શે હમેં હે ગૌહર,
તેરા કોઈ ન સાની, તેરા કોઈ ન હમસર,
અય ફાતેમા કે શૌહર, હર દમ સલામ તુમ પર.

દીને નબી કી તુંને ઉકદા કુશાઈ કી હે,
હયદર કી મુશ્કિલોં મેં કયા હમનવાઈ કી હે,
મહેબૂબે હક્ક કી દુખ્તર, હર દમ સલામ તુમ પર.

ખામોશ રેહકે તુંને કી દીન પર હુકૂમત,
હર ઝુલ્મ થા ગવારા ફાસિક કા, કી ન બયઅત,
શબ્બીર કે બિરાદર, હર દમ સલામ તુમ પર.

તુંને શહીદ હો કર ઉમ્મત કી લાજ રખ લી,
તેરે લહૂ ને દીને અહેમદ કો તાઝગી દી,
અય નાઝિશે પયમ્બર, હર દમ સલામ તુમ પર.

બાઝૂ કટા કે તુંને ઉંચા કિયા હે પરચમ,
બાતિલ કા સર હમેશા ચોખટ પે તેરે હે ખમ,
ઉમ્મુલ બનીં કે ગૌહર, હર દમ સલામ તુમ પર.

તૈયેબ કે નૂર હી સે, આલમ મેં રોશની હે,
હાતિમ ઝકી કે દમ સે ગુલશન મેં તાઝગી હે,
દોનોં હે હક્ક કે રહેબર, હર દમ સલામ તુમ પર.✯

(પેજ નં. ૩ નું બાકી)

**૩) થોડું જમો, જેથી પેટ થોડું ખાલી રહે અને બરાબર ચાવી-ચાવીને જમો.**

✵ ઘણાઓને જલ્દી-જલ્દી જમવાની બદ-આદત હોય છે. ચંદ મિનિટમાં તો એનું જમવાનું પૂરૂં થઈ જાય છે. આમ કરવું સેહત વાસ્તે નુકસાનદેહ છે. મુમેનીન નાના-નાના લુકમા લઈને બરાબર ચાવીને જમે. તેનાથી પેટ પર બોઝ કમ પડે છે અને હઝમ આસાનીથી થાય છે. થોડું જમન, પણ રાહતથી અને આહિસ્તગીથી જમેલું જમન, ફાયદામંદ છે. સેહતનો દારોમદાર જમવાના તરીકા પર રહેલો છે.

**૪) જે વક્ત તમેં સુવો તો તમારી ઝાતને અલગ કરીને તન્હાઈમાં સુવો.**

✵ કોઈની ગુફતગૂ ચાલતી હોય યા કોઈ કામ કરતું હોય યા કોઈની એવી હરકત કે તેની આવાઝ તમારા કાન પર આવતી હોય તો તમેં ત્યાં ન સુવો. તન્હાઈમાં જઈને બીજી હરકતોંથી દૂર થઈને સુકૂનના માહૌલમાં સુવો. આમ કરવાથી તમેં દિમાગી રાહતનો અહેસાસ કરશો, તમેં તમારી ઝાતને જોડશો અને નિંદ આવવામાં સુહૂલત થાશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★